**વાડજ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ા ૧૦૬૮૩/૨૦૧૭ નાં કામે મુદ્દામાલ અરજી લગત હુકમ**

**આંક–૧ લગત હુકમ**:–

(૧) અરજદારની હાલની અરજી વંચાણે લેવામાં આવેલ, જેના ઉપર વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ શેરો પણ વંચાણે લીધો. તથા કેસ પેપર્સ, પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેવામાં આવેલ તથા બંને પક્ષને સાંભળ્યા.

(૨) અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા. જેઓ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, સદર મુદ્દામાલ તેઓને જરૂરિયાત મુજબ વારંવાર જરૂર પડે છે અને હાલના તબકકે સદર મુદ્દામાલ રાખવા પોલીસ સ્ટેશનમાં કોઈ વ્યવસ્થિત જગ્યા નથી જે કારણે અમારા મુદ્દામાલને નુકશાન થાય છે.

(૩) આમ, ઉપરોકત વિગતે બંને પક્ષોએ કરેલ રજુઆત ધ્યાને લેતા આ કામમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ના આ કામના અરજદાર પ્રથમ દર્શનીય કબજેદાર હોય તેમ જણાય આવે છે. તેમજ હાલના તબકકે અરજદાર સિવાય બીજી કોઈ વ્યકિત ધ્વારા મુદ્દામાલની માંગણી કરવામાં આવેલ નથી. સદર કામે રેકર્ડ ધ્યાને લેતા તેમજ મુદ્દામાલ બાબતે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા રજૂ કરવામાં આવેલ રિપોર્ટ ધ્યાને લેતા તેમજ **નામ. સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા નામ. ગુજરાત વડી અદાલતના નિલેષ ગંભીરસિંહ બલાદવલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદાઓમાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા અરજદારને યોગ્ય રકમના જામીન લઈ પોલીસે કબજે કરેલ મુદ્દામાલ પરત સોંપવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોય, રેકર્ડ ઉપરની તમામ હકીકતો લક્ષમાં લેતા, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: **હુ ક મ** ::–

૧. અરજદાર **"વાઘડીયા અનિલભાઈ વાઘજીભાઈ"**નાઓની હાલની આ અરજી આથી "મંજૂર" કરવામાં આવે છે.

૨. અરજદારને હાલનાં કામે કબજે કરવામાં આવે મુદ્દામાલ **"પાસપોર્ટ નં. એચ–૭૪૩૫૮૨૫" છે, તે** મુદામાલ પાવતીમાં દર્શાવવામાં આવેલ કિંમતની દોઢી રકમનાં જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન ક્રિ.પ્રો. કો. કલમઃ૪૫૧ના પ્રબંધો મુજબ પરત સોંપવામાં આવે છે.

૩. જાતમુચરકો સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવો.

૪. સંબંધીત કલાર્કે મુદ્દામાલ પાવતીમાં મુદ્દામાલ સોંપ્યાની નોંધ લાલ શાહીથી કરવી.

<u>**શરત**</u> :

૧. મુદ્દામાલ કોર્ટ ધ્વારા જયારે ફરમાવવામાં આવે ત્યારે કોર્ટ રૂબરૂ અથવા કોર્ટ ધ્વારા મુદ્દામાલ જે સ્થળ પર રજૂ કરવા માટે આદેશ કરવામાં આવે ત્યારે મુદ્દામાલ રજૂ કરવો તેમજ સબંધિત પોલીસ  સ્ટેશને સદર મુદ્દામાલના ફોટોગ્રાફસ કાઢયા બાદ જ મુદ્દામાલની સોંપણી કરવી.

**આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૩/૦૧/૨૦૧૮.**
**મુ. અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૅાર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**